# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: "હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતા કા ઉત્સાહ સ્વચ્છતા કે સંગ 2025 " યાત્રામાં જોડવવા બાબત.**

**સંદર્ભ: રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/હર ઘર તિરંગા/2025/૭૪૭૨-૭૯૭૨ તા.૦૬/૦૮/૨૦૨૫ મુજબ તથા જુનાગઢ જીલ્લા વહિવટી તંત્રની તા. 6/8/2025ની સુચના અનુસાર.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ, જીલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગ રૂપે લોકોમાં રાષ્ટ્ર ભાવના જાગે તે માટે આ વર્ષે જુનાગઢ જીલ્લા વહિવટી તંત્રની સુચના અનુસાર તા. 11 ઓગસ્ટ, 2025 ના રોજ સરકારી બહાઉદ્દીન આર્ટસ કોલેજથી કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ સુધી બપોરે 3:30 કલાકે તિરંગા યાત્રાનું આયોજન થયેલ હોય જેમાં જુનાગઢ શહેરની કોલેજોએ ઉક્ત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ તથા કર્મચારીઓ બહોળી સંખ્યામાં ભાગ લે તે અંગે પ્રોત્સાહીત કરવાના રહેશે.

**તિરંગા યાત્રા પ્રારંભ સ્થળ: સરકારી બહાઉદ્દીન આર્ટસ કોલેજ, જુનાગઢ**

**તારીખ: 11 ઓગસ્ટ, 2025, સોમવાર**

**સમય: બપોરે 3:30 કલાકે (રીપોર્ટીંગ સમય)**

**બીડાણ: (1) રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક રસય/હર ઘર તિરંગા/2025/૭૪૭૨-૭૯૭૨**

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./95/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. 07/08/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ શહેરની તમામ કોલેજો, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ.

નકલ રવાના જાણ અર્થે :
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.
- રાજ્ય એન.એસ.એસ. અધીકારી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
- યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય, એન.એસ.એસ. ક્ષેત્રીય નિદેશાલય, અમદાવાદ
- આઈ.ટી. સેલ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ. (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા)


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

જા.ક્ર. :- રસય/હર ઘર તિરંગા/૨૦૨૫/જ૪૭૨-૭(૭૨

તા.૦૬/૦૮/૨૦૨૫

પ્રતિ,

- ✓ રજીસ્ટ્રારશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત યુનીવર્સીટી તમામ,
- ✓ આચાર્યશ્રી, સરકારી,અનુદાનિત અને બિન અનુદાનિત કોલેજ તમામ,
- ✓ જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી તમામ.

વિષય: **"હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતા કા ઉત્સાહ સ્વચ્છતા કે સંગ ૨૦૨૫"** કાર્યક્રમનું આયોજના કરવા બાબત.

સંદર્ભ :- ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા.૩૧/૦૭/૨૦૨૫.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા.૦૪/૮/૨૦૨૫ના પત્રની નકલ બીડાણ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે, તા.૦૨/૦૮/૨૦૨૫ થી તા.૧૫/૦૮/૨૦૨૫ દરમ્યાન સમગ્ર દેશમાં **"હર ઘર તિરંગા હર ઘર સ્વચ્છતા, સ્વતંત્રતા કા ઉત્સાહ સ્વચ્છતા કે સંગ ૨૦૨૫"** કાર્યક્રમનું આયોજન કરવામાં આવનારા હોઈ જે દરમ્યાન રાજ્યની તમામા શાળાઓ, કોલેજોમાં My Govt.-Quiz Competition, Wall Decoration, Tiranga rallies, selfie booth, જેવા કાર્યક્રમો તેમજ આ સાથે સામેલ એનેક્ષર -૧ (ફ્રેજ-૧,૨,૩)માં નીચે જણાવ્યા મુજબના કાર્યક્રમોનું આયોજન કરવાના રહેશે.

| **તબક્કો-૧** (૨ થી ૮ ઓગષ્ટ ૨૦૨૫) | **તબક્કો -૨** (૯ થી ૧૨ ઓગષ્ટ ૨૦૨૫) | **તબક્કો -૩** (૧૩ થી ૧૫ ઓગષ્ટ ૨૦૨૫) |
|---|---|---|
| ➢ શાળા/કોલેજોની દિવાલો અને બોર્ડને તિરંગા-પ્રેરિત કલાથી શણગારવા.<br>➢ શાળા/કોલેજોમાં તિરંગા રંગોળી સ્પર્ધાઓનું આયોજન. | ➢ વિધાર્થીઓ અને યુવા સંગઠનો સાથે તિરંગા યાત્રાઓ/રેલીઓનું આયોજન અને નેતૃત્વ કરવું. | ➢ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ધ્વજવંદન સમારોહનું આયોજન અને સમર્થન કરવુ |

| | | |
|---|---|---|
| ➢ સૈનિકો અને પોલીસ કર્મચારીઓને રાખડીઓ મોકલવાની સુવિધા આપવા માટે પોસ્ટ વિભાગ સાથે સંકલનમાં તિરંગા રાખડી બનાવવાના વર્કશોપ અને સ્પર્ધાઓનું આયોજન.<br>➢ સૈનિકો અને પોલીસ કર્મચારીઓને પત્રો મોકલવાની સુવિધા આપવા માટે પોસ્ટ વિભાગ સાથે સંકલનમાં વિધાર્થીઓ દ્વારા સશસ્ત્ર દળો અને પોલીસ કર્મચારીઓને સંબોધિત પત્ર લેખન ડ્રાઇવનું આયોજન.<br>➢ MeitY (MyGov) સાથે સંકલનમાં MyGov પ્લેટફોર્મ દ્વારા તિરંગા પર રાષ્ટ્રીય ક્વિઝમાં ભાગ લેવા માટે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરવા.<br>➢ સંસ્કૃતિ મંત્રાલય દ્વારા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રદાન કરાયેલ પ્રદર્શનોનું પ્રદર્શન (વેબસાઇટ www.harghartiranga.com ના ડાઉનલોડ વિભાગમાં ઉપલબ્ધ). | ➢ ગામના યુવાનો અને નાગરિકોને તિરંગા રેલીઓમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવા.<br>➢ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રેલીના રૂટ અને સમુદાયની ભાગીદારીનું સંકલન કરવા.<br>➢ શાળાઓ/કોલેજો અને સ્થાનિક સંસ્થાઓ સાથે શહેરોમાં તિરંગા રેલીઓનું સંકલન કરવું. | ➢ યુવાનોને "તિરંગા સાથે સેલ્ફી" લેવા અને તેને અપલોડ કરવા માટે પ્રોત્સાહિત કરવા( www.harghartiranga.com.)<br>➢ ગ્રામ પંચાયતો અને શાળાઓ/કોલેજોમાં ધ્વજવંદન સમારોહનું આયોજન કરવુ<br>➢ સ્થાનિક સમુદાયો અને શાળા/કોલેજોના બાળકોની ભાગીદારી સુનિશ્ચિત કરવી<br>➢ યુએલબી ઇમારતો, સમુદાય જગ્યાઓ અને શહેરી શાળા/કોલેજોમાં ધ્વજવંદનનું આયોજન કરવુ<br>➢ તમામ કાર્યક્રમોનું નિરીક્ષણ અને દસ્તાવેજીકરણ કરવુ.<br>➢ મીડિયા કવરેજ અને રિપોર્ટિંગનું સંકલન કરવુ. |

ઉક્ત કાર્યક્રમમાં એન.એસ.એસ. સ્વયં સેવકો બહોળી સખ્યામાં ભાગ લે તે અંગે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને આવશ્યક કામગીરી કરવાની રહેશે. તેનું ફોટોગ્રાફ્સ સહિત Documentation કરી સંકલિત માહિતી અત્રેની કચેરીને મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

રાજ્ય એન. એસ. એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર